શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

'એપ્રિલ ૨૦૦૪'

## સફળતાનો આંક

જેનું મન વધુ સ્વસ્થ, વધુ પ્રસન્ન છે તે વધુ વિકાસ પામેલો અને સફળ મનુષ્ય છે. જેનું મન અસ્વસ્થ છે, બહિર્મુખ છે, સંઘર્ષમય છે તે અલ્પ વિકાસ પામેલો, નિષ્ફળ મનુષ્ય છે. આમ, જીવનની સફળતાનો આંક મનની સ્વસ્થતા, પ્રસન્નતાથી નક્કી થવો જોઈએ, નહી કે ભૌતિક જગતમાં પોતે કેટલું મેળવ્યું છે તેનાથી.

તો પછી જો બહારના વિષયો અને સિદ્ધિઓનો જીવનની સફળતામાં જો કોઈ ફાળો જ ન હોય તો આપણા જીવનમાં તેમનો શું કોઈ ઉપયોગ જ નથી?

શરીરની જાળવણી માટે અને આપણી જવાદારી નિભાવવા માટે જગતના વિષયો અને સિદ્ધિઓ ઉપયોગી જ નહી, જરૂરી છે. પરંતુ તેઓ સુખ, શાંતિ કે સલામતી આપી શકે નહીં. સુખ, શાંતિ તો અત:કરણની શુદ્ધિ દ્વારા, આંતિરક ઉન્નતિ દ્વારા જ પ્રાપ્ત કરવાનાં છે.



*ડાબેથી શ્રી પંકજ ધારીઆ (લાલખાં) - ખજાનચી, શ્રી યોગેશ ધારીઆ -મંત્રી તથા કન્વીનર પ્રોગ્રામ સમિતિ, શ્રી રજનીકાંત કડકીઆ (લટકારી) ઉપપ્રમુખ, શ્રી  ડૉ. કમલેશભાઈ, ડૉ. એચ.જી.દેસાઈ, અતિથિ વિશેષ શ્રી રસીકલાલ આર. કડકીયા (પ્રમુખ), શ્રી રજનીકાંત કડકીઆ (ધરીવાલા) ઉપપ્રમુખ, શ્રી જતીન દેસાઈ (મંત્રી), શ્રી સુરેન્દ્ર મોદી (ચોધરી) ખજાનચી, તથા શ્રી મોહનભાઈ પરીખ (લાય) કન્વીનર - સૉવીનીયર સમિતિ*



શ્રી મોહનભાઈ પરીખ (લાય) પ્રમુખ શ્રી રસીકલાલ આર. કડકીઆને ૭૫ વષે તથા ૨૫ વષેની સ્મરણીકા ઉદઘાટન માટે આપી રહ્યાં છે. પાછળ ઉપપ્રમુખ  શ્રી રજનીકાંત કડકીઆ (ધરીવાળા), મંત્રી શ્રી જતીન દેસાઈ તથા ખજાનચી શ્રી સુરેન્દ્ર મોદી (ચોધરી) નજરે પડે છે

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૭ | ૧ | ૧૪-૪-૨૦૦૪ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન** : ૨૪૪૪ ૯૯૧૬ • ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# વ્યસન વ્યથા

**તંત્રીસ્થાનેથી**

***વ્યસન એક એવું વળગણ છે જે સલાહ સૂચનો દ્વારા છુટતું નથી. શામ, દામ, દંડથી પણ નહી પણ અંગત માણસો પ્રયત્ન કરે અને વ્યસનવાળા માણસને જ્યારે જીંદગીની કીંમત સમજાય ત્યારે આ વળગણ છુટી શકે છે. એના બે સુંદર પ્રસંગો શ્રી પ્રતાપભાઈ ત્રિવેદીએ અખંડ આનંદમાં આપ્યા હતાં તે આપણા વાંચકો માટે ફરીથી છાપ્યા છે. આશા છે કદાચ કોઈકના વ્યસન છુટી જાય. – તંત્રી***

રજનીકાન્ત અને શાંતાભાભી સુખી બેલડી. શાંતાભાભી પતિ ઘેલાં. બંને માધ્યમિક શિક્ષક, રજની ગણિત, વિજ્ઞાનનો શિક્ષક, શાંતાભાભી અંગ્રેજી વિષયનાં. બંને એક શહેરમાં, પણ શાળા અલગ અલગ.

નોકરી ઉપર બંને એક જ સ્કૂટર ઉપર જાય. રજની શાંતાભાભીને તેની સ્કૂલ ઉપર છોડતો જાય અને સાંજના વળતાં શાંતાભાભીને પોતના સ્કૂટર પર લેતો આવે.

એક સાંજે બંને મારા ઘેર આવ્યાં. ચા-નાસ્તો થયો. રજનીને વર્ષો પુરાણી વિવિધ નંબરી તમાકુ-માવાની આદત. ઘેર જ ખંતથી બનાવે. સોપારી, તમાકુ, ચૂનો વગેરેમાં અમુક જ જોઈએ તેવો આગ્રહ એટલે ગલ્લા, દુકાનનો માવો અણમાનીતો. કહે પણ ખરો ગલ્લાવાળા તો નકલી અને હલકો માલ જ ઝાપટે. બહાર જાય ત્યારે પૂરતો જથ્થો સાથે રાખે જાય.

મને થયું, રજનીએ આજે ગજવામાંથી કેમ અપલખાણ ન કાઢ્યું? હું બંને સામે જોયા કરું. બંને મારી નજરમાં છુપાયેલા પ્રશ્નને પારખી ગયાં. શાંતાભાભી મરક મરક હસે, મેં શાંતાભાભીને પૂછ્યું: 'આજે કેમ નર નિમાણા છે? ગજવા કેમ ખાલી?' તે કહે,'પૂછો તેમને જ'

મેં રજની સામે પૃચ્છા નજરે જોયું. આજે રજનીની વાણીમાં કંઈક અનોખો રણકો હતો, કંઈક હાર્યાની ખુશાલી હતી. કહે,'ભાઈ, શાંતા જીતી અને હું હાર્યો' વળી અટકીને કહે, તને ખબર છે મારી માવાની આદત માટે શાંતાને કાયમનો અજંપો. આ માટે અમારી વચ્ચે ચણભણ થાય અને ક્યારેક ઉપવાસ આંદોલનનો સામનો પણ આ ભાયડે કરેલો છે. બહુ થાય ત્યારે છાનામાના અને પકડાઈ જવાય ત્યારે ગેંગેં ફેફે. દરેક વેળાએ 'ઓહો' હસ્તો નીકળતો પણ આ વખતે તેમના વિચિત્ર આક્રમણથી......

રજની શ્વાસ લેવા થોભ્યો; પણ મારી જિજ્ઞાસા સંકોરાણી. પૂછ્યું :'હં, પછી શું થયું?' કહે: શનિવારે અમને મોર્નિંગ સ્કૂલ હતી. બપોર પછી હું અને શાંતા ઘરવખરી અને શાકભાજી ઈત્યાદિ ખરીદી માટે બજારમાં આવ્યાં હતાં. વળતે દિવસે રવિવારે પાંચેક મિત્રોને ઘેર જમવા નોતર્યા હતા. તમામ સામગ્રી ખરીદાઈ ગઈ. સ્કૂટર ઉપર થેલાની માંડ ગોઠવણી કરી ઘર તરફ વળ્યાં. શાંતાએ શેરીના ખૂણા પર ગલ્લા પાસે સ્કૂટર ઊભું રખાવ્યું. અગરબત્તી અમે અહીંથી જ ખરીદતાં. પણ શાંતાએ તો અગરબત્તીને બદલે મોંઘીદાટ સિગારેટની ડબી ખરીદી થેલામાં ભરાવી સ્કૂટર ઉપર થઈ સવાર. ચાલાતા સ્કૂટરે મેં શાંતાને પૂછ્યું 'તેં આ શું લીધું? કહે, 'કેમ સિગારેટ લીધી, આવતી કાલે તેં મિત્રોને ભોજન માટે નિમંત્રણ નથી આપ્યું?' મેં કહ્યું,'પણ તે એકેય સિગારેટ નથી પીતા.' તારી ભાભી કહે 'પણ મેં તેમા માટે ક્યાં લીધી છું?''તો શું મારા માટે?'મને અટકાવીને કહે, 'ના, આખો દિવસ મોંમાં ડૂચો ભર્યો હોય છે તે શું ઓછું લાગે છે?'

પણ તો આ......

એકએક શબ્દ છૂટો પાડી કહે :'હા, તે મારા માટે છે. કાલથી તમારા આમંત્રિત મિત્રોની ઉપસ્થિતિમાં હું આનો શુભારંભ કરવા મહેચ્છા ધરાવું છું.' સ્કૂટર ઉપરથી ઉતરતાં મેં કહયું,'શાંતા, તું સિગારેટ પીશ? અને તેય મારા મિત્રોની રૂબરૂમાં?

'હા, શું ખોટું છે? તું માવા ખાઈ શકે તો હું સિગારેટ ન પી શકું?' રજની, હું સંકલ્પબદ્ધ છું અને તે માટે અડગ પણ.

ઘડીભર અમે બંને મૌનારૂઢ. શાંતાએ જ મૌનભંગ કર્યો. રજની, તારે એમ કહેવું છે ને કે બહેનો ફિલ્મ કે ટી.વી. દશ્યોમાં સિગારેટ પીતી હોય, પણ એક શિક્ષિકા સિગારેટ પીવે.......

મેં કહ્યું પ્લીઝ, શાંતા તું...

મને અધવચ્ચે જ અટકાવીને કહે: 'હા, તું સાચો છે પણ મારે પરંપરાનો ભંગ કરવો છે. હુંયે રળતી-કમાતી છેં. મને આટલી અમથી સ્વાયત્તતા આપવા તું ઉદાર ન બની શકે'?

ઘરમાં પહોંચી શાંતા થેલા ઉલેચવા મંડી ગઈ, હું અમરાં સાત વર્ષના ગૃહજીવનની સ્પીડી કેસેટ જાણે જોઈ રહ્યો હતો. મધુર સ્મરણોથી ભરાયેલાં તે દશ્યો હતાં. એક પ્રસંગ દશ્યમાં

જાણે કેસેટ થંભી ગઈ.

મને ચાર વર્ષ પહેલાં ટાઈફોઈડ થયો હતો. તે વખતના શાંતાના સતત ઉજાગરા, ભયંકર દોડધામ વચ્ચે તેની સ્ફૂર્તિ અને હળવાફૂલ કરી દે તેવું એનું હાસ્ય. ખબર અંતર લેવા આવનારાં સ્વજનોની થતી તાજગી અને ઉમળકાની અનુભૂતિ અને ખાસ તો શાંતાની કડક પાબંધી અને સુશ્રુષાથી ઝડપથી સાજો થયેલો તે દશ્યના વિચારોએ હું થંભ્યો.

હળવેથી ઊભો થયો, કબાટ ખોલ્યું મારો અપલખણિયો સરંજામ બારીમાંથી ફેંકાતો રહ્યો.

આટલું કહી રજની થોડાવીર રોકાઈને મારી સામે આંખ માંડી કહે, 'બોલ ભાઈ, તનેય સંતોષ, થયો ને?' રજનીના ચહેરા પર ખેદ ન હતો. રાજીપો હતો.

અત્યાર સુધી અમારા સંવાદમાં મારા પત્નીને કશોયે હસ્તક્ષેપ કર્યો ન હતો. ખુરશી પર શાંતિથી સાંભળતી હતી. તે ઊભી થઈ, તેનો હરખ તેણે અમને સૌને આઈસક્રીમ પીરસી વ્યક્ત કર્યો.

એક મિત્ર ભરતને યાદ કરી લઉં.

::::::::::::::::::::

હું ઉતાવળો ઘર તરફ ધસી રહ્યો હતો. મને ભરત કહે, 'કેમ ઉતાવળો?'

મેં કહ્યું : ભાવનગર જવા નીકળવું છે અને બસનું ટાણું થઈ ગયું છે, હજું ઘેર થેલો લેવા જવાનો છે.

બરત કહે, 'ઉતાવળો ન થાય હું કટક બટક કરી ઘેરથી મોટરસાઈકલ લઈ ભાવનગર જવા નિકળું જ છું. મારે કંપની રહેશે.

અમે ઉપડયા. પણ ભરતની બાઈકે જાણે બંદૂકની નાળમાંથી ગોળી વછૂટી. ગાડી હવામાં ઉડતી હતી, વ્હીલ સડકને જાણે સ્પર્શતાં જ ન હતાં. મને મનમાં ફફડાટ થયો. ભરતની હોજરીમાં કંઈક અનોખું ઠલવાયાની આશંકા થઈ.

વચ્ચે ગામ આવતાં મેં ભરતને કહ્યું, 'ભરત જરા ગામમા ંલઈ લેતો !મને કહે , 'કેમ? કોના ઘરે?' તેણે ગાડી ગામ તરફ વાળી.

મેં કહ્યું : ગમે તેના ઘેરે તુલસી ક્યારો હોય ત્યાં રાખને.

ગાડી બ્રેક કરી મારા તરફ ફરી કહે : સમજ્યો નહીં. મેં કહ્યું, ' સમજાવું, જો આ મારા મોઢામાં પાવલી-રૂપા નાણું છે. તુલીસપત્ર નાખી દઉં એટલે નિરાંત. અસદ્‌ગતિ તો ન થાય!' મેં ઉમેર્યું, ભરત, આ ઝડપે તો આપણે શેં સાજાનરવા ભાવનગર પહોંચીએ? ભરત મારી રમૂજથી મલકાયો. ચાલતી ગાડીએ ગતિ માટેની તેની વાહિયાત દલીલો સાંભળવી પડી.

ભાવનગર પહોંચતાં કહે : 'ક્યાં ઉતારું?'

મેં રહ્યું, : 'તારે ઉતાવળ નથી ને? તો ચાલ મારી સાથે' અને સિવિલ હોસ્પિટલમાં ઓર્થોપેડિક વિભાગમાં ગયા. દર્દીઓને કોઈને હાથે, કોઈને પગે તો કોઈને માથે પાટાપિંડી અને પ્લાસ્ટર હતાં. કેટલાય દર્દીઓ કણસતા હતા. દર્દીઓના ઘા પર નર્સો સફાઈ અને મલપટ્ટી કરતી હતી. તે વેળા બૂમબરાડા સંભળાતાં હતાં. હું ભરતને સાથે રાખી દર્દીઓને પૂછતો હતો : 'કેમ, શું થયું? કેમ કરતાં થયું?' જવાબો હતા : મોટર સાયકલ અથડાઈ, સ્કૂટર સ્લિપ થયું, ગાય આડી ઉતરી, ગાડીને બ્રેક થઈ ના નથી ત્યાં કૂતરું અફડાયું, સડકમાં ગોઠણ

સમાણા ખાડાએ હોસ્પિટલ બતાવી, વાહનની બટાજટીમાં સ્કૂટર ખાળિયામાં ઊતરી ગયું અને કોશનો ડામ સોયથી સર્યો, વગેરે.

ભરત ગિન્નાયો કહે, મારા બાપ, મારા ગુરુદેવ, તું મને આટલા જ માટે અહીં લાવ્યો છે મે કહ્યું : હા, પેટમાં જેવું તેવું નાખે એટલે ગતિભાન ન રહે અને અથડાઈ મરે! આ જોવા જ તને અહીં લાવ્યો છું. બીડી-તમાકુ કરતાંયે તારી વ્યસનની વાત આગળ વધી હોય તેવી શંકા મને થાય છે. ભરત મૌન રહ્યો. બંને પક્ષોના મૌને અધૂરૂં કામ પૂરૂં કરવાનું હતું.

ફરી એકવાર અમદાવાદ જતા અમારો સહપ્રવાસ આરંભાયો. આ વેળા અમે બસમાં હતા. અમદાવાદ અમે બે એક કલાક વહેલા હતા. અગિયાર વાગ્યે ઓફિસો ઊઘડે ત્યારે ભરતનાં સઘળાં કામો થાય તેમ હતુ. મેં તક ઝડપી, સીધા રીક્ષામાં સિવિલ હોસ્પિટલ કેન્સર યુનિટમાં. પહેલાં તો ભરતે માનેલું કે હું કોઈ સગાંસંબંધીની ખબર પૂછવા આવ્યો છું, પણ મારા વર્તનનો તે હેતુ પામી ગયો કહે: તારે મને કેટલાં દવાખાના બતાવવાં છે?

ચાલ તો ખરો, કહી હું મૌન જ રહ્યો. દવાખાનામાં જાણે કીડિયારું ઊભરાયું'તું. દર્દીની બેહાલીથી ભલભલાને કમકમા આવી જાય! ગંધાતાં, પીડાતાં, રીબાંતા, મૃત્યુના કાંગરે ઉભેલાં દર્દીઓની હતાશા દેખી જગતની તદ્દન અનોખી જ પહેચાન ત્યાં હતી. ગરીબ-તવંગરના ભેદ વાડા ત્યાં નહતા, ત્યાં માત્ર બિહામણા મૃત્યુના ઓળા જ ઓળા. વિવિધ વ્યસનોની ભૂંડી તલપાશ્રિત દુષ્કાળોનો ત્યાં ઢગ હતો. ઝડપી મૃત્યુને આમંત્રણ આપતી અનેક કાકલૂદી દર્દીઓના ચહેરા પર વંચાતી હતી. બહાર નિકળતાં મેં મૌન તોડયું - ભરત, કોઈનેયે પોતાનાં બાળકો નમાયાં કે નબાપાં કરવાં ગમતાં હશે? કલરવ કરતું ઘર વેરાન કરવું શું કોઈને ગમે? પણ આવી સમજ આવે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

દસેક દિવસ પછી ભરતનાં પત્ની મારા ઘરે આવ્યાં, મોટાભાઈ, આભાર માનવા આવી છું. અંતે તમે સફળ થઈને જ રહ્યાં. હોસ્પિટલ દર્શને જ ફરી સુખદ દિવસો દેખાડયા.

✤✤✤

> એલાર્મ ઘડીયાળનો ઉપયોગ નક્કી કરેલા સમયે જાગવા માટે લોકો કરે છે. હવેના યુગમાં નિયત સમયે પથારી ભેગા થવા માટે એલાર્મ વાગે એવું કરવું પડશે.

## માંગુ તવ શરણાંગતિ

મેરે પ્યારે બાંકે બિહારી માગું તવ શરણાંગતિ (૨)
મતિ માગું, ગતિ માંગુ, માગું તવ શરણાંગતિ
ભક્તિ માગું, શક્તિ માંગુ, માંગુ તવ પ્યારી મતિ ...માંગુ

વિસારો મમ: મુઢ, માગું તવ શરણાંગતિ
પ્રિતી માંગુ તેરી પ્યારી, દૂર કરો તવ દૂરી
પંચેન્દ્રીય સે પૂજા મેરી, દીજો તવ દર્શન ઝાંખી
નિર્મલ આરાધન સુમતિ મેરી, ગાંઉ તિહારી કીર્તિ ...માંગુ

જનમજનમ રો સાથી સંગી, મેરે પ્યારે બાકે બિહારી
ભરદો જીવન, જ્યોત કી અંજલી, મેરે પ્યારે બાંકે બિહારી. ...માંગુ
મેરે પ્યારે બાંકે બિહારી, માગું તવ શરણાંગતિ ...માંગુ

*- ઉષા એસ. ધારિયા*

# ઘડપણમાં ત્રિવેણી સંગમ
## સત્ય હકિકત

લેખિકા : ઉષા ધારિયા

એક કહેવત છે ત્રણનું ત્રેખડ થાય, પરંતુ અહીં. આતો ત્રિવેણી સંગમ બની ગયો છે.

મારા નાની નાસિકમાં રહે, ત્યાં તેમનો મોટો બંગલો હતો. તેમની વય ૭૦ વર્ષની હશે. તે એકલાજ રહેતા હતા. તેમા દીકરી વહુ બાળકો બધાં જ મુંબઈ આવી ગયા હતા. નાનીની બાજુમાં જ માસી રહેતા હતા, અને તેમનું ધ્યાન રાખતા હતા. વળી તેમના એક સંબંધી હતા તે પોતાની દીકરીથી યે વિશેષ હતા. તે પણ તેમને જોઈતું કરતું લાવી આપતા અને ધ્યાન પણ રાખતા હતા વગેરે વગેરે. નાની જમી પરવારી થોડો આરામ કરીને પંચવટી દર્શન કરવા ટાંગામાં જતા. ત્યાં હવેલીમાં દર્શને આવતાં બેનોની સાથે વાતોચીતો કરતાં, અને આમ આ સંબંધો ગાઢ થઈ ગયા હતાં. આમાં ત્રણ બેનો મોટી ઉંમરની, નાની જેટલાં જ હતાં, હવે....

આ ત્રણની ત્રિપુટી એક રૂમમાં એક સાથે સંપીને રહેતા, ક્યારેય તેમાં વિખવાદ નહતો થતો. ત્રણેની ન્યાત પણ અલગ અને ત્રણેય વિધવા હતા. તેઓ ત્રણેનું કોઈ અંગત કહેવાય તેવું ન હતું, દૂરના સંગાઓનો મનીઓર્ડર આવતો અને એમાંથી તેઓ ગુજરાન ચાલવતા આમાં એક બેન હતા તેમનું નામ જડી માસી તેઓ લોહાણા હતા. એકદમ રૂપાળા, જાજરમાન વ્યક્તિત્વ અને બોલ પણ તેમનો પ્રતિભાશાળી બધું લાવવું મુકવું, હિસાબ રાખવો અને ઘરકામમાં પણ હાથ બટાવતાં; બીજા બેનનું નામ હતું ગંગાબા, તેઓની ઉંમર થોડી વધારે હશે, પરંતુ તેઓ જાતે બ્રાહ્મણ હતા. આથી તેઓ જ રસોઈ બનાવતાં, બીજા બંન્ને બેનો તેમને મદદ કરતાં; તેઓ જરા નીચા, જાડા અને શાંત સ્વભાવના, હસમુખા અને બહુ જ પ્રેમાળ તથા તેમની આંખો ભાવ નીતરતી હતી; તેઓ ઓછું બોલતાં, ફક્ત હાસ્ય સુરખીને મોઢા પર રેલાવતાં. ત્રીજા બેનનું નામ હતું લક્ષ્મી માસી. તેઓ પણ બહુ જાડા નહી પાતળા નહી, બેઠી દડીના. ન્યાતે લુહાણા; તેઓ કપડાં ધોતાં, વાસણ ઘસી લેતાં આમ ત્રણે મળી ઘરનું દરેક કામ સંપીને, હસીને કરતાં કોઈ એકની તબીયત નરમ હોય તો પણ તેઓ તેમને સાચવી લેતાં, પૈસા કોઈના ઓછા વત્તા હોય કે મોડા વહેલા આવે તો પણ મનમાં ક્યારેય કોઈ જ દ્વિધા ન રાખતાં. સંપીને એક રૂમમાં પંચવટીમાં ગંગાના કિનારે રહેતા હતા. ક્યારેક મારા મોટી બા (નાનીમા) તેઓની સાથે જમતાં, બા સાથે ફળ ફ્રુટ યા શાક લઈ જતાં, આ તો ઘરકામની વાત થઈ પરંતુ તેઓ બધાં ભેગા મળી સત્સંગ, ભજન, કીર્તન, દેવદર્શન કરતાં, આ ત્રિવેણી સંગમ જેવું પાવન તેઓનું જીવન હતું. ગળામાં રૂદ્રાક્ષનાં મણકાની માળાઓ પહેરતાં અને એકદમ વ્હાઈટ સાડી બ્લાઉઝ કોટન પહેરતાં. જેમ તેમના વસ્ત્રો સફેદ તેવું જ, તેમનું જીવન પવિત્રતા

સૂચક હતું. તેઓ સર્વકામ જાતે જ કરતાં હતાં. નાસિક જેવાં પવિત્ર ધામમાં, પાવન ગંગાના તીરે (ગોદાવરી) આ મોટી ઉંમરની, નાની ઉંમરે વિધવા થયેલી. જેમનું પોતાનું અગંત કહેવાય એવું સ્વજન પણ ન હતું, છતાં પૈસા દૂરના સગાં મોકલતાં અને એમાંથી તેઓ સંપીને જરાપણ મનમાં દ્વેષ રહીત અને સત્સંગમય જીવન હસી ખુશીમાં ગુજારતા ત્યારે મારી ઉમંર પંદર વર્ષની હશે. અત્યારે તો હું પણ તેઓની ઉંમરે પહોંચી ગઈ છું. પરંતુ આ મિશાલ હરકોઈ વાંચીને જીવનમાં ઉતારે; એ માટે આ અજોડ ત્રિપુટીનો ત્રિવેણી સંગમ આ લેખ રૂપે આપ્યો છે. તમારી મોટી જગા હોય, પૈસા હોય અને તમે એકલા રહેતો હો તો તેમાં તમારી જ ઉંમરના એકલવાયા કોઈ જીવને તમે સાથે રાખો, યા તો કોઈ તમારું અંગત સંબંધી ભાભી, બેન વગેરે વગેરે તો પણ આનાં જેવો કોઈ સત્સંગ નથી. કોઈ કીર્તન નથી, તેમને સાથે જરૂરથી રાખજો. આ ત્રણે બેનો માસીબાના નામે ઓળખાય. નહી સોનું, ચાંદી કશો ભય નહીં. અત્યારે તેઓ તો નથી પ્રભુને ધામે પહોંચી ગયા છે પરંતુ તમારા વૈષ્ણવો માટે એક મિસાલ જરૂરથી મૂકી ગયા છે. સાચો સત્સંગ, સાચો ધર્મ આજ જ છે. ભાગવત સાંભળો યા ન સાંભળો તોય અમલમાં તો આ જરૂરથી મુકજો, સંપીને ખાવ, પીઓ ને સત્સંગમાં રહો.

✤ ✤ ✤

# ચલો ઘૂમવા જઈએ નિગ્રોના પ્રદેશમાં

*(શ્રી બા. સાંસ્કૃતિક મંડળના નેજા હેઠળ શ્રી કમ્ફર્ટ હૉલિડેની સહારે)*

**(હપ્તો - ૩)**

"Kenya is a Treasure Chest of American Wildlife' આ વિધાનમાં કેન્યાનો વૈભવ પ્રદર્શિત થાય છે. રાષ્ટ્રની જમીનનો દસમો ભાગ માત્ર પ્રાણીસૃષ્ટિના અભયારણ્યો રોકીને બેઠાં છે. આથી ૪૦ નેશનલ પાર્કોથી વિશ્વ પ્રવાસીઓને આકર્ષતો આ હબસી પ્રજાનો સુવિધા-સભર કેન્યા, જગતની એક અજાયબી સમો ભાસે છે. અહીં તેમાંના પાંચ મુખ્ય અભ્યારણ્યોનો ઉલ્લેખ કરશું. : (૧) ૪૪ ચો.મા. નો વિસ્તાર ધરાવતો નૈરોબીનો નેશનલ પાર્ક (૨) ૮૦૦ ચો.મા. માં વ્યાપેલાં વિશાળ સાવોનો નેશનલ પાર્ક (૩) માઉન્ટ કેન્યાનું અભ્યારણ્ય (૪) ગ્રેટ રિફ્ટ વેલી પરનો લેક નકુરુનો નેશનલ પાર્ક તથા (૫) એબરડેર નેશનલ પાર્ક.

પ્રથમ અમે નકુરુનો નેશનલ પાર્ક જોવાનો કાર્યક્રમ ઘડયો. તે માટે છત પરની ગેલેરીવાળી વિશેષ પ્રકારની જીપ ગાડીમાં આઠના ગ્રુપમાં સૌ ગોઠવાયાં. આ પાર્ક એટલે વૃક્ષો જૂજ અને સર્વત્ર ઘાસનાં બીડો જ નજરે પડે! વિસ્તાર મોટો અને તેમાં અનેક રસ્તાઓ. તેનો એક છેડો લેક નકુરુને અડીને તો બીજો જંગલોમાં અટવાતો, વિસ્તીર્ણ બીડોને આવરી લેતો. દરેક જીપ પોતાનો અલગ ટ્રેક પંસદ કરે. સૌનો હેતુ, પ્રવાસીઓને જુદાં જુદાં પ્રાણીઓને તથા વિવિધ પક્ષીઓને તેમનાં સમૂહમાં હસતાં-ફરતાં અને ગેલ કરતાં બતાવવાનો. પ્રથમ અમે હરણો-સાબરો સાથે વનસ્પતિ 'ડીક-ડીક'ના ટોળાંઓ જોયા. હરણથી કદમાં નાના, કુમળાં અને દેખાવે આકર્ષક. આગળ જતાં જંગલી ભેંસોનો સમૂહ જોયો. શરીરે કદાવર અને બિહામણું. અમારી જીપ આગળ ચાલી અને દેખાવે ઘોડા જેવા ખડતલ પણ શરીર ચટ્ટાપટ્ટાવાળાં જિબ્રા પ્રાણીને તેના સમૂહમાં ઘાસ ચરતાં જોયાં. જિબ્રાને આટલી મોટી સંખ્યામાં મસ્તીથી રમતાં પ્રથમવાર જોયાં. એક બાજુ દૂર વિશાળ કદના પણ દેખાવે ભયાનક લાગતાં કેટલાંક 'રીનો' પ્રાણીઓ જોયાં. જીપ આગળ વધી સરોવર વિસ્તાર તરફ. ત્યાં ચોમેર ગુલાબી રંગના ફલેમિંગો પક્ષીઓ અણગણિત સંખ્યામાં જોયાં. જાણે સરોવરના કિનારાની પટ્ટીને તેની ગુલાબી છાંટથી ઢાંકી દીધી હોય એમ સર્વત્ર પિન્કનો માહોલ ઊભો કરી દીધો. આવું અનુપમ દ્રષ્ય જીવનમાં ક્યારે ન્હોતું જોયું. તેમનાં સમૂહ ઉડ્ડયનથી તેમની પાંખોનો થડકાટ [illegible] સુધી કાનમાં ગૂંજ્યા કરે. તેમની વચમાં કેટલાકં અશ્વેત રંગી - વિશાળ કદના પક્ષીઓ પણ ભળ્યાં હતાં. જે પ્રકૃતિનું આગવું સ્વરૂપ રજુ કરતું હતું. આ પ્રવાસની સાર્થકતા અહીં પ્રત્યક્ષ થઈ!

આ સિવાય વોટર બક, એલાન્ડને પણ જોવાનો લ્હાવો મળ્યો. પાછા ફરતાં સૌના સદ્‌નસિબે એક વિશાળ ચિત્તાને ઝાડની ડાળીઓમાં આરામ કરતો જોયો. શાંતિ ખંડિત ના થાય એ રીતે બધી જ જીપો ત્યાં આ મનોહર દ્રષ્ય જોવા પહોંચી ગઈ. અંધારુ થતાં બધી

જીપો પાછી હોટલ પર આવી. હવે ભૂખ અને થકાવટ સૈના મોં પર દેખાતાં હતાં. આથી રાત્રીના ડીનરને સૌએ રસમય રીતે માણ્યો અને ઉત્તમ આવાસગૃહમાં નિદ્રાદેવીને શરણે સૌ ગયા. ૩૦૦ પ્રકારના વિધવિધ પક્ષીઓના આ વિહંગ-તીર્થે સૌ પક્ષી પ્રેમીઓને અત્રે અનેરો આનંદ આપ્યો.

બીજો દિવસ આર્ક નેશનલ પાર્ક માટે ફાળવ્યો હતો. એબર ડેરનું અભ્યારણ્ય વિશાલ તો ખરું, પણ તેમાં કેટલાંક નવા પ્રાણીઓનો પણ ઉમેરો થયો. સવારનો કોન્ટીનેન્ટલ બ્રેક ફાસ્ટ પતાવી, ગઈ કાલની જીપમાં સૌ ગોઠવાયાં. ઊંચે આભ ને નીચે અમાપ ધરતી સવારનો પ્રવાસ, તાજગીના કારણે હંમેશ આલ્હાદક જ લાગે! કાલની જેમ અહીં પણ જિબ્રાને જૂથમાં ધૂમતાં જોયાં. આગળ જતાં જંગલી ભેંસોનો સમૂહ દૂરથી જોયા. ત્યાંથી આગળ વધતાં ઊંચી ડોક ધરાવતા, વૃક્ષોનો ઉપરની ડાળી પરનાં પાન ખાતા જિરાફો જોયાં. એકવડુ શરીર અને તાડ જેવી ઊંચાઈ સાથે અટપટો રંગ, આ જ તેની વિશેષતા! કાલની હરણો-સાબરો ને ડીક ડીક પોતાના ટોળામાં આમતેમ બિન્ધાસ ધૂમતાં જોયાં. આ જ અરણ્યોમાં તે જન્મ્યાં અને અંતે કોઈ વિકરાળ, પ્રાણીનું ભક્ષ્ય બનીને મૃત્યુ સ્વીકરાવાનું - આવો કુદરતી ક્રમ હોવા છતાં તેઓ બેફિકર બની જીવનનો આનંદ માણી રહ્યાં હતાં. અહીં હાથીઓ, તેના મદનિયાં સાથે ઝૂંડમાં હરતાં-ફરતાં હતાં. કહે છે કે આ પ્રદેશમાં તેમની વસ્તી સૌથી વધારે - સાઠ હજાર પર આંકડો પહોંચે. મોંથી અધધ થઈ જવાય તો નવાઈ નહી ! અમારી બાર ગાડીઓ નવાં પ્રાણીઓની શોધમાં અલગ રસ્તાઓ પકડી ચોમેર ધૂમી રહી હતી જે કોઈને જ્યાં પણ કોઈ નવું પ્રાણી, એકલ દોકલ જોવા મળે કે ઈન્ટરકોમ સર્વીસથી બીજાં સૌને માહિતગાર કરી દે. સંદેશ વ્યવહારની આ ટેકનોલોજી દુન્યવી રીતે પછાત ગણાતા પ્રદેશોમાં પણ પ્રવેશી ચૂકી છે, તે જ પૂરવાર કરે છે કે વિશ્વ કેટલું નાનું બનતું ગયું છે. એક વનરાઈમાં અમે વનનો રાજા - સિંહ, તેના બચ્ચાઓ સાથે, આરામથી પળો માણતો જોયો. જુદા જુદા કોર્નર પર બધી ગાડીઓ શાંતિ જાળવીને ઊભી રહી હતી. આ પ્રાણીઓને નિર્બંધરીતે મસ્તીમાં રખડતાં જોવાનાં જ તો સૌ પ્રવાસીઓએ પૈસા ખર્ચ્યા હતાં; બાકી કેન્યામાં વળી નવું તો બીજું ઊડે પણ શું છે?

પાછા ફરતાં સમાચાર મળ્યાં કે ચિત્તો નજરે ચડયો છે. સૌ જીપો ત્યાં પહોંચી ગઈ. સંભવ છે કે અહીં શિકારબંધી છે એવી ગંધ આ માંસાહાર પ્રાણીને આવી ગઈ હશે; એટલે માત્ર ૨૫' ના અંતરે તે અમારી સામે ટગર ટગર જોતો હતો. સમય થતાં તે તેની જંગલને કેડીએ આગળ વધ્યો. ભયભિત બનેલ સૌ શાકાહારી પ્રાણીઓ હરણો, જિબ્રા વિગેરે જીવ લઈને ત્યાંથી નાઠા.

ક્યાંક ગીધો, સમડીઓ જૂથમાં ઊડતાં જોયાં, તો શાહમૃગે પણ પોતાના દર્શન દીધાં. અહીંના જંગલી પ્રાણીઓ આગળ તે શા વિસાતના? છતાંયે કુદરતે બન્નેને પોતામાં આશ્રય આપ્યો છે, આ જ તેની કરામત છે.

સવારનો Wild Life નો કાર્યક્રમ પતાવી હોટેલ પર સૌ પાછાં ફર્યા. લંચને ન્યાય આપી મસાઈ-મારાની કોમ અહીં કેવી રીતે રહે છે તે જોવા બસમાં બેસીને

ગયાં. તેમનું ગામડું વસાહત નજદિકથી નિહાળવાનો આમ અવસર મળ્યો. તેમના સારા પરિવારને એક જ સ્થળે મોટી સંખ્યામાં જોવા, આ પણ એક લ્હાવો હતો. તેઓ બહુ પત્નીવ્રતની જૂની પ્રથામાં માનતા હોઈ દરેકને બે-પાંચ પત્નીઓ હોય અને બાળકોની લંગાર, તેમાં નવાઈ નહિ. બે રૂમની ઝુંપડીમાં તેમનો સારો સંસાર સમાયો છે, તે નજરોનજર જોયું. તેમનાં પાલક પ્રાણીઓ બહારની બાજુએ નિવાસ કરતાં હતાં. નીચેની ધરતી છાણથી લીંપેલી હતી, જે આપણાં જૂનાં ગામડાંઓના ઘરની યાદ તાજી કરાવે. ખોરાકમાં તે દૂધ, માંસ ને પ્રાણીઓનું લોહી લે. વણજારાની જેમ ઘાસચારા માટે એક બીડમાંથી બીજે જતી રખડતી કોમ તેથી સ્થાઈ વસવાટ જોવા ના મળે. પ્રાણીઓના સહવાસથી, પાણીની અછતથી, ગંદકીથી તેઓ ટેવાઈ ગયેલા લાગ્યા. દુર્ગંધને માખીઓના બડબડાટ આપણા શહેરી જીવોને અસહ્ય લાગે, એ સ્વાભાવિક છે. હવે ઘણાં મસાઈએ પોતાનાં બાળકોને નૈરોબીમાં ભણવા મોકલે છે. વિકાસનું આ ધોતકછે.

સાંજે પાછા બીજા નેશનલ પાર્કમાં કેન્યાના પ્રવાસમાં ઘુમવાનો કાર્યક્રમ પ્રધાનપદે રહે. એ જ પ્રાણીઓ અને તેવી અભયારણ્ય જ તેમની સૃષ્ટિ ! એક સ્થળે બે-ત્રણ ચિત્તાઓ એક શિકારને - હરણને ફાડીને એકચિત્તે મિજબાનીની મોજ માણી રહ્યાં હતાં. રોમાંચ ખડું કરી દે તેવું આ દૃષ્ટ હતું.

રાત્રે હોટેલ પર ડીનર ને નિદ્રાદેવીનું શરણું. આ રોજિંદો કાર્યક્રમ થોડા જ અમને છોડવાનો હતો ? બીજા દિવસે કેન્યાની રાજધાની નૈરોબી જોવાનું હતું. આધુનિક અને તોતીંગ ઈમારતોથી શોભતું આ શહેર રાજ્યની શોભા વધારનારું હતું. શહેરના દૃષ્યમાં સ્વામી નારાયણનું મંદિર પ્રથમ જોયું. ત્યાં દર્શનની વાર હોઈ અંદરથી તે બંધ હતું. બાહ્ય દર્શન કરી પછી ત્યાના ક્રિકેટ જીમખાનાને જોવાં ગયાં. અહીં પણ આપણી જેમ ક્રિકેટનો ક્રેઝ ખરો ! ત્યાંથી તેનાં જાહેર વાચનાલય વિધાનસભા, જોમો કેન્યાની સમાધિ, કળા કારીગરીની ઈમારતો વિગેરે બસમાં બેઠાં બેઠાં અમે જોયાં. જાણે આપણે મુંબઈના ફોર્ટ એરિયામાં ધૂમતાં ના હોઈએ !

કેન્યાનો પ્રવાસ અહીં પૂરો થતો હતો. ત્યાંની સ્વાહિલીમાં 'ક્વાહીલી' દ્વારા અલવિદાની ભાવના તે પ્રગટ કરે. સૌના મન પર વિદાયનો વિષાદ હતો. મન પ્રાણીસૃષ્ટિના ચિતારથી, તેમની રમ્ય સૃષ્ટિથી સભર હતું. આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે Reverence To Animals પ્રભુને પામવા આ પગથી યાત્રિકે પસાર કરવી પડે છે. કાત્વરૂપે આનું સહજ સ્મરણ થયું.

''મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું,<br>
મુજ અતંરમાં વહ્યા કરે....''

આપણાં ઋષિવર્યોએ તપોવનમાં રહીને પ્રાણી-પક્ષીઓ સાથે એકાત્મતા અનુભવેલી. સમરસતા કેળવેલી, તેની યાદ આ પંકતિમાં છતી થાય છે. આપણી સૃષ્ટિના નિયંતાના દર્શન તેના આ વિકરાળ છતાં અજનબી સ્વરૂપે કરવાનાં તો ભાગ્યમાં નહિ હોય ને ? આવું સદ્ભાગ્ય સૌના દિલને સાંપડો, એ પ્રાર્થના સાથે ૐ તત્ સત્ !

***(ક્રમશ...)***

# લોકોને અવ્વલ મંજિલે પહોંચાડતી મંડળી

નગર બાલાસિનોરમાં આપણાં સ્વજનો હવે તો અલ્પ સંખ્યામાં રહ્યાં છે. અવસાન પામેલ વ્યક્તિઓને અવ્વલ મંજિલે પહોંચાડવા માટે કયારેક તો ડાઘુઓની કે નનામીને લઈ જનાર સ્વજનોની પણ ખોટ હોય છે. પૂરતી સંખ્યા મળતી નથી. આવા સંજોગોમાં એક મંડળીનું અસ્તિત્વ રાહત આપે છે. આ મંડળી ભલે રજીસ્ટર્ડ ન હોય પણ આવા પ્રસંગે આ જુવાનીઆઓ નાત-જાતના ભેદભાવ વગર પોતાનું કામ આટોપે છે. બિલકુલ વ્યવસ્થિત રીતે એલ્યુમિનિયમની કાયમી ‘નનામી’ - મરણનો સામાન, લાકડાંની વ્યવસ્થા, એની ગોઠવણી, અગ્નિદાહ માટે મૃત લોકોનાં સ્વજનોને દોરવણી જાણે એક આલા દરજ્જાનું કોર્પોરેટ જૂથ કાર્યરત છે. આવો અનુભવ આ લખાનારને અનેકવાર થયો છે. મૂંગુ કાર્ય કરતા આ મૂક સેવકોની સેવાને બિરદાવવાનો એમને અભિનંદન આપવાનો આ લખાણનો હેતુ છે. એમનાં નામ આ પ્રમાણે છે.

દિલીપ સોની, રાજુ મુલજીભાઈ ધારિયા, જગદીશ બોઈડીવાળા, નિતિન સેવક, મનીષ નાણાવટી, ટીનુ ચોકસી, કંચન મોદી, રાજુ ધારીઆ (મુછારી), હિમેષ શાહ, વ્રજેશ (ભુરિયો) શાહ, સૌમિલ મોદી, રાજુ પટેલ, મનોજ ભાવસાર, કનુ ભાવસાર, જીતુ સોની, મોહીતી સોની, કૌશિક ચોકસી, ગોપાલ દરજી, બિપીન શાહ, લાલિયો (ધંગેલા), શશિકાન્ત મોદી (મેઘલિયાવાળા)

ઉપરોક્ત ૨૧ જણની આ સિવાય રહી જતા કોઈ બીજા મિત્રો હોય તો તે - આ બિનનોંધાયેલી મંડળીની સેવા ખરેખર પ્રશંસનીય છે. આવું ઉમદા અને માનવતા ભર્યું કામ કરનાર સૌને ધન્યવાદ ઘટે છે

– *‘પ્રસાદ’*

# મૃત્યુ તારાં નવલાં રૂપ....!

આપણે બાલાસિનોરવાસીઓ સમૂહમાં રહેવા-ટેવાયેલાં છીએ. આ વાત આ વખતે મૃત્યુની બાબત પણ એટલી જ સાચી પડી છે. સમયાંતરે આવું બનતું રહે છે. એક વ્યક્તિના તેર દિવસ પૂરા પણ નથી થતા અને બીજા અવસાનના સમાચાર મૃત્યુનોંધમાં પ્રગટ થતા રહે છે.

આ વેળા વળી અવસાન પામનાર વ્યક્તિઓ બહુધા ઉંમર પ્રાપ્ત - વયસ્ક વડીલો છે. ક્યારેક ભરયુવાનીમાં જતા યુવાનોનું મૃત્યુ આઘાતજનક હોય છે.

સ્વ. હસમુખબહેન, સ્વ. પુષ્પાબહેન, સ્વ. નટવરલાલ ઓ. પરીખ આ બધી વ્યક્તિઓ જાણે ખૂબ જ સહજ રીતે, હરતાં-ફરતાં, છેલ્લી ઘડી સુધી કાર્યરત રહી આ દુનિયાને અલવિદા કરી ગઈ છે એ ઘટનાએ થોડું સંવેદન ચિંતન કરવા પ્રેર્યો છે.

વર્ષો સુધી, મહિનાઓ પર્યંત પથારીવશ રહી કાળદેવતાનો ઈંતેજાર કરતા દર્દીઓને પણ જોયા જાણ્યા છે. એમની લાચારી, કુટુંબીજનોની સેવા-ચાકરી ક્યારેક આવા દર્દીઓને સંજોગોવસાત ઘરડાં ઘરમાં કે હોસ્પિટલના બિછાના પર દમ તોડતા જોયા છે. શું કારણ હશે આવા બે અંતિમોએ થતાં મૃત્યુનું?

જીવન-મૃત્યુ સંસારની ઘટમાળ છે. 'આવતીકાલે જ મરણ આવવાનું છે' એવું વિચારી જે વ્યક્તિ જીવન જીવે છે. એને મૃત્યુનો ખોફ ઓછો રહે છે. સહજ સ્વસ્થ મૃત્યુ દરેકને નસીબ નથી થતું. જેને આવું મૃત્યુ આવે છે એ જંગ જીતી જાય છે.

# એક આવકાર્ય કદમ

સ્વ. નટવર મોદીની પ્રાર્થના સભા નિમિત્તે લખેલ લેખમાં આ લખનારે એક નોંધ મૂકી હતી. 'સમાજને ઉઠમણાંની ક્રિયામાંથી મુક્ત કરીએ!' આ સંદર્ભે સ્વ. નટવરલાલ ઓ. પરીખના અવસાન નિમિત્તે પ્રાર્થનાસભા કે ઊઠમણાની ક્રિયા નહીં રાખી. એમનાં કુટુંબીજનોએ એક આવકાર્ય કદમ માંડયુ છે જે બદલ તેઓ અભિનંદનના અધિકારી છે. આશા રાખીએ આ કેડીએ ચાલતાં ચાલતાં આપણા સમાજના અન્ય સભ્યો એનું રાજમાર્ગમાં રૂપાંતર કરશે...કરશે? કે પછી ખોટી પ્રતિષ્ઠા કે દેખાડા માટે વર્થ્થ ખર્ચ કરી એને ચાલુ રાખશે? આવનાર સમય જ આ વાતને નિર્ણાયક રીતે સાબિત કરશે. આ અગાઉ પણ કેટલીક નીડર વ્યક્તિઓએ આવો નિર્ણય લીધો છે.

ઉઠમણા દ્વારા આપણે શું પુરવાર કરવા માંગીએ છીએ? શહેરના વ્યસ્ત જીવનમાં, અવરજવરની હાડમારી ભરી પરિસ્થિતમાં, પાઘડીપને વિરાર-ચર્ચગેટ કે કલ્યાણ - સી.એસ.ટી. વચ્ચે વસતાં આપણા લોકોની મજબૂરી આ બધું ધ્યાનમાં લઈશું ખરા? અલબત્ત મરનારનાં સ્વજનો પ્રત્યે સહાનુભૂતિના બે બોલ આપણે ટેલીફોન દ્વારા કે પત્ર દ્વારા પણ પહોંચાડી શકીએ. વળી આપણે ત્યાં તો સમય બે સમય સામી વ્યકિતના આરામની પણ કશી ચિંતા વગર, મરનારાના દ્વારે ટકોરા કે બેલ મારવાથી તો ઉલટું આપણે એમની વ્યથામાં વધારો કરતા હોઈએ એવું નથી લાગતું? ચર્ચાના ચોગાનમાં પ્રતિભાવો આવકાર્ય છે.

– *''પ્રસાદ''*



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

તા. ૫.૩.૨૦૦૪ના રોજ લાડની વાડીમાં રસીયાનો પ્રોગ્રામ રાખ્યો હતો તેમાં બહેનોએ મીનોતીબેનને નામ લખાવ્યા હતા. તેઓએ કૃષ્ણ અને ગોપીના રૂપમાં ખૂબ જ સુંદર પહેરવેશમાં જે ડાન્સ કર્યો હતો તે ખૂબ જ વખાણવા તેમજ ઈનામ આપવાને લાયક છે. પરંતુ ઠાકોરજીને રીઝવવા માટેના આ ડાન્સમાં ઈનામ ના હોય એવું તેઓનું કહેવું હતું. સુરેખાબેનને ઠાકોરજીનો આખો મનોરથ કરવા રીકવેસ્ટ કરી અને તેઓનો સાથ અને સહકારથી તો પ્રોગ્રામ ખૂબ જ સરસ રીતે ઊજવવામાં આવ્યો હતો. જે બહેનોએ પોતાના ઠાકોરજી પધરાવા અને સામગ્રી ધરી તેમજ ખૂબ જ સુંદર ડેકોરેશન કરી સવારના ૧૧ વાગ્યાથી આવી મહેનત કરી હતી તે સૌનો હું આભાર માનું છું. રસિયા ગાનાર દરેક બહેનોને પણ હું આભાર માનું છું. સાથે સાથે દરેકે દરેક જણનો હું આભાર માનીશ જેઓએ ખૂબ જ શાંતિપૂર્વક મુતુ સ્વામીના નાસ્તાને ન્યાય આપી વિદાય લીધી. સૌના સાથ અને સહકારથી જ દરેક વૈષ્ણવોને આ પ્રોગ્રામ માણવાનો લ્હાવો માણ્યો હતો.

દરેક બહેનોને વિનંતી છે કે લવાજન ન ભરાયું હોય તો ૨૩મી એપ્રિલ છેલ્લી તારીખ રાખી છે. દરેક બહેનો કોઈપણ કમીટીની બહેનોને અથવા રત્નાબેનને રૂા. ૭૦/- તેમજ કાર્ડ રીન્યુ કરવા આપી દેવું. જૂનનો પ્રોગ્રામ 'રમતગમતમાં' કાર્ડ વગર એન્ટ્રી નથી તેની બાકીની વિગત આવતા જ્યોતપુંજમાં મળશે.

## આગામી કાર્યક્રમ

તારીખ - ૨૩મી એપ્રિલ

સ્થળ : લાડની વાડી

સમય : ૩ થી ૫

મિલ્ક મેઈડમાંથી ગળી વાનગી બનાવવાની હરીફાઈમાં ભાગ લેનારે ૧૦ રૂા. ભરી નામ લખાવવું. ડેકોરેશન પણ જોવામાં આવશે. આવનારી દરેક બહેનોને નેસ્લે કંપની તરફથી ફ્રી પ્રોડકટ આપવામાં આવશે. ઉપરાતં તેઓ ગળી-તીખી વાનગીનું ડેમોનસ્ટ્રેશન આપશે જે આપણે જરૂરથી શીખીશું. તેમજ ચાખીશું. હરીફાઈમાં જજનો નિર્ણય આખરી રહેશે. દરેકને સમયસર આવવા વિનંતી. પ્રોગ્રામ ૩ વાગે જ ચાલુ થઈ જશે. ભાગ લેનાર બહેનોએ પોતાની વાનગી બે વાગે આવી ટેબલ પર ગોઠવી દેવી. જલ્દીથી નામ લખાવવા વિનંતી. ૨૦ એપ્રીલ પછી નામ નહિ લવાય.

*સંયોજક - રત્ના કડકીયા*

---

## ''ભાવ''

આજ મને દરશનનો ''ભાવ'' ના જાગીઓ,
તું તો તુજ છો (હું) આજ બદલાયેલો લાગીઓ ૧)

તુંજ સંગ ખેલવા, આજ નીરસ કેમ?
મનને આજ, ફોસલાવી રહ્યો કેમ? ૨)

મુંજમાં ખોટ, હું શોધી રહ્યો છું!
ફરી મળવાનો મારગ ગોતી રહ્યો છું! ૩)

નમક વગરનું ધાન, કેમે ન ઉતરે !
પ્યાર વીના આજ, નયનો તરસે ! ૪)

મનની પ્યાસ શું અધુરી રહેશે?
મોકળા મને ફરી ભેટવાનું રહેશે? ૫)

**ચાંદશા**

***ચંદ્રકાંત શાહ (ચટઈ)***

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત

# શ્રી પુનમચંદ સાંકરલાલ કડકીઆ (બેરા) પુરસ્કૃત 'પુનમચંદ બેરા' ડબલ વિકેટ ક્રિકેટ ટુર્નામેન્ટ

## સ્થાપના વર્ષ ૨૦૦૩-૨૦૦૪

શ્રી સુનીલભાઈ પુનમચંદ કડકીયા (બેરા) (પ્રીસીસન પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીસ) એ રૂા. ૧,૨૧,૦૦૦.૦૦/-નું માતબર દાન આપી આ વર્ષે ડબલ વિકેટ ક્રિકેટ ટુર્નામેન્ટની શરૂઆત કરી. તા. ૨૧.૩.૨૦૦૪ના ગુડી પડવાને રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે વિલ્સન કોલેજ જીમખાના ગ્રાઉન્ડ, મરીન લાઈન્સ ખાતે સંસ્થાના હોદ્દેદારો પ્રમુખ શ્રી અસીત દેસાઈ, ઉપપ્રમુખ શ્રી ભદ્રેશ ધારીઆ અને ખજાનચી શ્રી હરેન્દ્ર મોદી તથા ક્રિકેટ કન્વીનર શ્રી રાજુભાઈ પરીખ (લાય)ની ઉપસ્થિતી વચ્ચે સંસ્થાના કાર્યકર્તાઓ, સીનીયર ક્રિકેટરો તથા ખેલાડીઓની હાજરીમાં નાનકડાં પણ સુંદર પ્રોગ્રામની શરૂઆત કરી. સ્વાગત પ્રવચન તથા પ્રોગ્રામનું સંચાલન શ્રી જતીન ન. દેસાઈએ કર્યું. પ્રમુખ શ્રી તથા કન્વીનર શ્રી રાજુભાઈના હસ્તે ડબલ વિકેટ ક્રિકેટ ટુર્નામેન્ટનાં બેનરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ટ્રોફીનું ઉદ્‌ઘાટન સુનીલભાઈના સુપુત્ર શ્રી કૃણાલ કડકીઆના હસ્તે કરવામાં આવ્યું. શ્રી કૃણાલે પોતાની નાનકડી સ્પીચમાં પોતાનાં અનઉપસ્થિત પિતાશ્રી તથા સ્વ. દાદા પુનમચંદ કડકીઆને યાદ કર્યાં, એમને કડકીઆ ફેમીલી વતી દરેક ખેલાડીને બેસ્ટ ઓફ લક આપ્યાં તથા સંઘના કાર્યકર્તાઓને ક્રિકેટ જેવી રમત દ્વારા જુના અને નવા ખેલાડી વચ્ચેનો સંબંધ તથા ભાઈચારો બાંધી રાખવા માટે અભિનંદન આપ્યાં. પ્રમુખશ્રી અસીત દેસાઈએ આવા સુંદર ડોનેશન લાવી આપવાં બદલ કમીટી મેમ્બર શ્રી રૂપીનભાઈ કડકીઆનો આભાર માન્યો અને ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું. કુલ્લે ૩૨ ખેલાડીઓએ ભાગ લીધો. કુલ્લે ૧૬ ટીમો બની. સેમીફાઈનલ અને ફાઈનલ્સનાં વિજેતા નીચે મુખબ છે.

**૧ લી સેમીફાઈનલ્સ**

A) સંદીપ ધારીઆ B) રવિશ દેસાઈ = ૩૬ રન

V/s

C) શીતેન કડકીઆ D) પ્રફુલ્લ ધારીઆ = ૪ રન

**૨જી સેમીફાઈનલ્સ**

A) રીતેશ કડકીઆ B) કીંજલ પરીખ = ૧૩ રન

V/s

C) રીકીત મોદી D) કેતન કડકીઆ = ૧૨ રન

**ફાઈનલ્સ**

A) સંદીપ ધારીઆ B) રીતેશ કડકીઆ = ૧૨ રન

V/s

C) કીંજલ પરીખ D) રવીશ દેસાઈ = ૫૪ રન

વિજેતા : કીંજલ પરીખ અને રવિશ દેસાઈ

રનર અપ : સંદીપ ધારીઆ અને રીતેશ કડકીઆ

*- કન્વીનર : શ્રી રાજુ એમ. પરીખ*

## શ્રી બાલાસિનોર નવયુનક સંઘ સંચાલીત
# શ્રી નટવરલાલ મોદી (જનસાથી) પુરસ્કૃત
# 'જનસાથી ટ્રોફી' લોકલ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૦૩-૦૪

નીતીન જે. પરીખની ટીમે જનસાથી ટ્રોફી જીતી

**ફાઈનલ્સ**

નીતીન જે. પરીખ V/s આનંદ બી. શ્રોફ

નીતીન પરીખ : ૩૧૪/૭ વિકેટ ૪૦ ઓવર્સ
સાહીલ દેસાઈ - ૯૦ રન, પરેશ પરીખ - ૪૮ રન, અનીષ દોશી - ૩૩ રન, નીહાર કડકીઆ - ૫૦ રન ૩ વિકેટ

આનંદ શ્રોફ : ૨૧૪/ઓલ આઉટ ૩૩.૪ ઓવર્સ

તુષાર ધારીઆ : ૫૧ રન, આનંદ શ્રોફ-૫૩ રન, રૂપીન કડકીઆ - ૩૦/૬ વિકેટ, સંદીપ ધારીઆ - ૨૩/ ૨ વિકેટ, અનીષ દોશી - ૨૪/૨ વિકેટ

**નીતીન પરીખની ટીમનો વિજય**

**ટીમ :-**

નીતીન જે પરીખ (કેપ્ટન) વૈશલય ગાંધી(વિકેટકીપર)

| | |
|---|---|
| સંદીપ ધારીઆ | અનીષ દોશી |
| પરેશ પરીખ | સાહીલ દેસાઈ |
| રાજુ પરીખ | રાહીલ શાહ |
| રૂપીન કડકીઆ | મીહીર કડકીઆ |
| સાહીલ કડકીઆ | રૂસીલ કડકીઆ |
| જતીન દેસાઈ | યતીન દેસાઈ |
| દીપેન મોદી | યશ કડકીઆ |
| હર્ષ કડકીઆ | |

**બેસ્ટ મેન ઓફ ધ સીરીઝ**

**અંકીત પરેશ પરીખ - ૧૮૮ રન**

**બોલર ઓફ ધ સીરીઝ**

**સંદીપ કે. ધારીઆ - ૧૬ વિકેટ**

**મેન ઓફ ધ સીરીઝ**

**સાહીલ નીખીલ દેસાઈ - ૨૫૭ રન, ૯ વિકેટ**

*કન્વીનર : શ્રી રાજુ પરીખ (લાય)*

* * *

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવકમંડળ મેડીકલ ટ્રસ્ટ
## સભ્યોની જાણકારી માટે

તા. ૧.૪.૨૦૦૪ થી ડૉ. દીપક એમ. મહેતા B.D.B. (Bom) F.I.A.I.D., MRSH (LOND) ORAL IMPLANTOLOGIST & DENTAL SURGEON ની ડેન્ટીસ તરીકે નીમણુંક કરવામાં આવે છે. સોમવારથી શુક્રવાર સુધી By Appointment મળી શકશે. તો જેમને દાતં માટે પ્રોબલેમ હોય તેમને સંસ્થાની ઓફીસમાં સંર્પક કરવો.

## વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

૭૫ વર્ષ તથા ૨૫ વર્ષ ઉજવણી પ્રસંગે જે સભ્યો પોતાની ભેટ કુપનની સામે ભેટ હજુ સુધી લઈ નથી ગયાં, તેઓએ પ્રગતિ સમાજના કાર્યાલયમાંથી ભેટ મેળવી લેવા વિનંતી.

***મંત્રી***

***શ્રી જતીન ન. દેસાઈ, શ્રી યોગેશ ર. ધારીઆ***

# વાડાસિનોર નગરના વર્તમાન....

- લોકોનાં આરોગ્ય સાથે ચેડા કરનારાઓના રાજ્યવ્યાપી કૌભાંડનો બાલાસિનોરમાં દરોડા પાડી પર્દાફાશ કરવામાં આવ્યો છે, બનાવટી પરવાના મેળની દવાઓ બનાવતી ટુ કેર ફાર્મા કંપની બાલાસિનોરનું નામ અન્ય કંપનીઓ સાથે સંકળાયેલું છે. આ કૌભાંડમાં મોટા માથાઓની સંડોવણી હોવાનું દરોડામાં બહાર આવ્યું છે.
- ડાયનાસોરના અસ્તિત્વને કારણે બાલાસિનોર આંતરરાષ્ટ્રીય નકશા પર મુકાઈ ગયું છે. નવાબના મહેલમાં પંચતારક હોટલની સુવિધા થઈ છે. રૈયોલી વિસ્તાર આસપાસ મળેલ ઈંડા જેવા જ ઈંડા ટેલિફોન એક્ષ્ચેન્જ પાસે ખોદકામ કરતા મળ્યાં છે. આ ઈંડાની આર્કિયોલોજી ટીમે તપાસ કરી.
- બાલાસિનોર ખાતે મહોરમનું પર્વ ખૂબ જ શાંતિથી મનાવવામાં આવ્યું. ૭ મોટા અને ૨૫૦ જેટલા અન્ય તાજિયાઓને મુસ્લિમ બિરાદરોએ લાઈટીંગ તથા કલાત્મક રીતે સજાવ્યા હતા. વિશાળ જનમેદનીએ તાજિયાને નિહાળ્યા હતાં. પી.આઈ. શ્રી જોષએ અને પોલીસ સ્ટાફ હોમગાડર્સની મદદ સાથે સલામતીની વ્યવસ્થા કરી હતી.
- વેરાસા ખાતે શ્રીમતી પારૂલબેન આદિવાસી સંસ્કાર મંદિર તથા સ્વ. શશિકાન્ત ચંદુલાલ કડકીયા સ્થાપિત પ્રાર્થના મંદિરનો ઉદ્‌ઘાટન સમારંભ દાતાઓના કરકમળ દ્વારા સંપન્ન થયો. સાંસદ શ્રી ભૂપેન્દ્રસિંહ સોલંકીએ શ્રી નવનીતભાઈ શાહ, જાટની નિ:સ્વાર્થ સેવાની કદર કરતાં આવું સુંદર સંકુલ ઉભું કરવા માટે અભિનંદન આપ્યાં. સમારંભના મુખ્ય મહેમાન જિલ્લા પંચાયતના પ્રમુખ નયનાબેન પટેલ, જિલ્લા હોમ કમાન્ડર શરદભાઈ જોષી, નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન શાહ તથા પ્રવીણચંદ્ર પરીખ-રોકડીઆ અને અન્ય મુંબઈવાસી મહાનુભાવો સમાજસેવકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.
- ગોકુલનાથજી મંદિર ફગવા પાટોત્સવ મનોરથી સમાજ તરફથી ફાગણ સુદ-૯ના ફગવા ઉત્સવ, મુંબઈથી વૈષ્ણવોએ ધામધૂમથી ઉજવ્યો. હંમેશની વર્ષો જૂની પ્રણાલી મુજબ શ્રી ઠાકોરજીને વીરપુર રોડ પરના બંગલામાં પધરાવવામાં આવ્યાં અને ત્યાં ખેલનાં દર્શનનો ભાવિક વૈષ્ણવજનોને લાભ મળ્યો. સાંજે જે જે શ્રી ગોકુલેશની ધૂનો અને અબીલ-ગુલાલની છોળ સાથે શ્રી ઠાકોરજીને પુન:નિજ મંદિરમાં વરઘોડા સ્વરૂપે વાજતે ગાજતે કિર્તન સંગ પધરાવવામાં આવ્યાં. આખા નગરમાં ઉત્સાહ અને ભક્તિનો માહોલ સર્જાયો.
- ઈન્સપેક્ટર શ્રી આહિરને વિદાય આપવાનો સમારંભ જિલ્લા પોલીસ વડા શ્રી શશિકાન્ત ત્રિવેદીના અધ્યક્ષપદે યોજાઈ ગયો.
- જે.વી. દેસાઈ ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકોનો ત્રણ દિવસનો પ્રવાસ મહારાષ્ટ્રના નાશિક, શીરડી, ત્ર્યંબક, ઔરંગાબાદ, ધૃષ્ણેશ્વર, ઈલોરાના ગુફાઓ, શીંગળાપુર વગેરે સ્થળોએ શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ યોજનામાં શાળાના શિક્ષકો વિનુભાઈ ડી. પટેલ, લાભ શંકર સુથાર, હર્ષાબેન ત્રિવેદી અને અશ્વિના મહેતાએ પ્રશંસનીય કામ કર્યું. ૬૫ જેટલા વિદ્યાર્થીઓ પ્રવાસમાં જોડાયા.

*( 'ગુજરાત સમાચાર ' - 'ઈશારો' તથા અન્ય પત્રોમાંથી સંકલિત)*

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

## દાતાઓનું સન્માન, શાળાઓનો ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ

સ્થળ : શ્રી ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલનો પ્રાર્થના હોલ. તા. ૨૮.૨.૦૪

બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત શ્રી ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલ, શ્રી પી.વી. વિદ્યાલય, શ્રી જે.વી. દેસાઈ અને કમળા બાલમંદિરના દાતાઓનો સન્માન સમારંભ મંડળના પ્રમુખશ્રી નટવરલાલ એમ. કડકીઆની અધ્યક્ષતામાં ભરચક હોલમાં યોજાઈ ગયો.

સમારંભની શરૂઆત પી.વી. વિદ્યાલયની બહેનોની પ્રાર્થનાથી અને સ્વાગતગીત જે.વી. દેસાઈ ઉચ્ચ પ્રા.શાળાની બાળાઓ દ્વારા રજુ થયું

પ્રમુખશ્રી અને મંચસ્થ મહેમાનો દ્વારા નીચે પ્રમાણેના દાતાઓનું પુષ્પગુચ્છ અને શાલ તથા મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું.

**દાતાઓ**

૧ ) **શ્રીમતી કલાબહેન પૂનમચંદ દેસાઈ (વકીલ)** -
બાલપુષ્ટી આહાર યોજનાના બાલમંદિરના દાતા

૨ ) **શ્રી નવનીતલાલ રમણલાલ કડકીઆ (સારંગી)** -
પી.વી. વિદ્યાલયના કોમ્પ્યુટર ખંડના દાતા

૩ ) **શ્રી કિર્તનલાલ મોહનલાલ શાહ (મલમ)** -
નાસ્તા ફંડના દાતા (બાલામંદિર માટે)

ઉપરોક્ત કાર્યક્રમમાં મુંબઈ સ્થિત શ્રેષ્ઠીઓ અને ગામના અગ્રણીઓ બાળકો, સ્ટાફ (ચારેય સંસ્થાઓનો) થી ભરચક સંખ્યાની વચ્ચે યોજાઈ ગયો. તેમજ દીપ પ્રાગટય કરી રીબન કાપી પી.વી. વિદ્યાલયનો કોમ્પ્યુટર ખંડ ખૂલ્લો મૂકવામાં આવ્યો અને ચારેય સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજુ થયો. ચારેય સંસ્થાઓ વતી પી.વી. વિદ્યાલય, બાલાસિનોરના આચાર્યા બહેન શ્રીમતી નિરૂબેન પટેલે નીચે મુજબ અહેવાલ અને પ્રવૃત્તિઓની ઝલક આપી. જે નીચે પ્રમાણે છે.

**શ્રી પી.વી. વિદ્યાયલય - બાલાસિનોર**

- શાળા તેજસ્વી તારલા, શ્રેષ્ઠ વિદ્યાર્થીની અને ન્યાસફંડ રમતોત્સવની પ્રવૃતિઓની ઈનામપાત્ર બાળાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા
- શાળામાં નવનીતલાલ રમણલાલ કડકીઆ (સારંગી) દાતા દ્વારા થયેલ કોમ્પ્યુટર ખંડનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- શાળાએ તૈયાર કરેલ પ્રથમ મુખપત્ર ‘દર્પણ’નું વિમોચન પ્રમુખશ્રી અને શાળા સમિતિના ચેરમેન શ્રી મણિકાન્ત કડકીઆના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું.

**શ્રી ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલ બાલાસિનોર**

- શાળાના ધો.-૯ માં ભણતો વિદ્યાર્થી ધર્મિન વી. પરીખ પ્રખરતા શોધ પરીક્ષામાં ગુજરાતમાં ૭ (સાત) મા અને હર્ષ આર. પંડયા ખેડા જિલ્લામાં પ્રથમ ક્રમે આવતાં સન્માનપાત્ર બન્યા.
- શાળાનું પ્રથમ મુખપત્ર ‘સમપર્ણ’ નું પ્રમુખશ્રી નટવરલાલ કડકીઆ અને ચેરમેન શ્રી મણિકાન્ત કડકીઆના સયુક્ત ઉપક્રમે વિમોચન થયું.
- શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ, તેજસ્વી તારાલાઓ અને ન્યાસફંડ પ્રવૃત્તિઓના ઈનામપાત્ર વિદ્યાર્થીઓને ઈનામ આપી મંડળે પ્રોત્સાહિત કર્યાં.
- શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનો ઈનામ આપી મંડળે પ્રોત્સાહિત કર્યા.
- ચાલુ વર્ષે શાળાએ ગુજરાત કક્ષાએ નવતર પ્રયોગ કરી ધો-૭ના નગરી પ્રાથમિક શાળાઓ ૧૧ (અગિયાર) તેમજ આજુબાજુની ૯ (નવ) એમ કુલ ૨૦ શાળાઓના ૫૫૭ બાળકોને ૧૦

દિવસ સુધી ૮૦ થી ૮૫ બાળકોની બેચો બનાવી તમામ ૧૪ (ચૌદ) પ્રયોગો કરાવ્યા.

- શાળામા ચાલતી N.C.C. ના વિદ્યાર્થીઓ ડ્રેસમાં સજ્જ રહી સનિનિયર N.C.C. ઓફિસર સહીત હાજર રહી સ્વાગત કર્યું.

**શ્રી જે.વી.દેસાઈ ઉચ્ચ પ્રા. શાળા, બાલાસિનોર**

- સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા
- ન્યાસફંડના ઈનામપાત્ર બાળકોને ઈનામો અપર્ણ કર્યા.
- સ્કાઉટ ગાઈડની વર્ષ દરમ્યાન પ્રશંશનીય કામગીરી બજાવી.

**શ્રી કમળા બાલમંદિર, બાલસિનોર**

- નાનાં ભૂલકાંઓ દ્વારા ઈનામો આપી પ્રોત્સાહિત કર્યાં.
- ન્યાસફંડના વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યાં.

મંડળના પદાધિકારઓ અને દાતાઓએ પોતાના પ્રતિભાવો આપ્યા અને ટૂંકા ગાળામાં બદલાયેલા કાર્યક્રમને સ્વીકાર કરેલી વ્યવસ્થાને બિરદાવી. સમગ્ર સમારંભનું સંચાલન મંડળના મંત્રી શ્રી પ્રવીણ દેસાઈ અને શિક્ષક શ્રી સુનિલભાઈ પટેલે કર્યું.

આખેર મંડળ દ્વારા બાળકોને નાસ્તો આપવામાં આવ્યો અને જે.વી. દેસાઈના આચાર્યશ્રી પ્રવિણભાઈ શાહે આભારવિધિ કરી.

# બાલાસિનોર વિદ્યામંડળ

## બાલાસિનોર કોલેજમાં

### શ્રી નિખીલભાઈ પ્રવિણભાઈ દેસાઈનું વ્યાખ્યાન

૨૬મી જાન્યુઆરીએ યુ.જી.સી. વ્યાખ્યાન હોલમાં વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વ વિકાસ ઉપર તેમણે મનનીય વ્યાખ્યાન આપ્યું. જીવનમાં ધ્યેયલક્ષી બની યોજનાપૂર્વક જીવન જીવી સમાજોપયોગી દ્રષ્ટિકોણ કેળવવા તેમણે વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો અને જીવનના દરેક કાર્યમાં રસ કેળવી જીવનને સમાજ સાથે વણી લેવું જોઈએ એવી શીખ આપી.

પ્રો. બધેકાનું સરકારની ઉદારીકરણની નિતિ વિષય પરનું વ્યાખ્યાન

કોમર્સ કોલેજના ત્રણે વર્ગોના વિદ્યાર્થીઓની હાજરીમાં તેમણે વ્યાખ્યાન આપી ઉદારીકરણની નીતિના ફાયદા-ગેરફાયદા દર્શાવ્યા.

**કોલેજના ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓનો પ્રવાસ :**

ટી.વાય બી.એ.ના ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓએ પાવાગઢ, આજવા, નિમેટાનો શૈક્ષણિક પ્રવાસ કર્યો જેવા દ્વારા તેમની આંતરિક શક્તિઓને વાચા અપાય.

*લી.*

*બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિની સભ્યો વતી*

*- ઉશનસ કચેરીયા*

**ચિંતન**

- ✤ જગતમાં માત્ર સૂર્યજ એવો છે કે જે દમામથી ઉગી શકે છેઅને દમામથી આથમી પણ શકે છે.
- ✤ ઉપદેશના હજારો વાક્યો ભૂલી શકાશે પણ અનુભવની એક પળ ભૂલી નહી શકાય.

# બાલાસિનોર રમણીય કેદારેશ્વર મહાદેવનું શરૂ થયેલ નવિનીકરણનું કાર્ય : દાતાઓને સહયોગ માટે અપીલ

ઐતિહાસિક રજવાડું, ધાર્મિક સ્થળો, કુદરતી વનરાજીથી ભરપુર બાલીસનોર તાલુકો ખેડા જીલ્લામાં અલગ તરી આવે છે.

બાલાસિનોર નગરની કેદારની ટેકરી તરીકે ઓળખાતો વિસ્તાર કુદરતી સૌંદર્યથી ભરપુર છે. કેદારની ટેકરી વિસ્તારમાં આશરે બાર સો વર્ષ પુરાણું કેદારેશ્વર મહાદેવનું શિવાલય આવેલ છે. પવિત્ર અને સૌની શ્રધ્ધાનું સ્થળ છે. બાલાસિનોરના નાગરિકો માટે તેમજ બાલસિનોરના વતનીઓ જેઓ મુંબઈ અને અન્ય સ્થળોએ વસ્યા છે તેઓ જ્યારે પણ બાલાસિનોર આવે ત્યારે આ સ્થળની અચુક મુલાકાત લે છે જ.

સમયના બદલાતાં જતાં વહેણની સાથે સાથે કેટલાંક ફેરફારો આવ્યા. કુદરતી સંપતિ ઓછી થઈ. પણ માનવીની ધાર્મિકતા વધી. કુદરતી સૌંદર્ય ધરાવતાં સ્થળો ઓછા હોવાથી આવા સ્થળોની મુલાકાત લેનારની સંખ્યા દિનપ્રતિદિન વધી. બાલાસિનોરના કેદારેશ્વ મહાદેવે દર્શનાર્થીઓની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે, પરંતુ અહીં કેટલીક સુવિધાઓ ન હોવાથી આ સ્થળનો વિકાસ મંદ રહ્યો.

આ અગ્ર લેખક ગોપાલદાસ પુનમચંદ પરીખને (તાતીયા) બાળપણથી જ આ પવિત્ર જગ્યા પ્રત્યે ભારે આર્કષણ રહ્યું છે. પ્રદુષણ મુક્ત આ જગ્યાના વિકાસ માટેની કુલગતી પ્રેરણા મળી.

કેદારેશ્વર મહાદેવના સ્થળનો વિકાસ કરવા માટે એન્જીનીયર તથા આર્કીટેક પાસે પ્લાન બનાવવામાં આવ્યો અને ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ ગુજરાત રાજ્યના દેવસ્થાન મંત્રી માનનનિય શ્રી અશોકભાઈ ભટ્ટના હસ્તે ભુમિપુજન કરવામાં આવ્યું ગોધરાના સાંસદ ભુપેન્દ્રસિંહ સોલંકી, ધારાસભ્ય શ્રી રાજેશભાઈ પાઠક, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી વર્ષાબેન શાહ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ સ્થળની પવિત્રતા તથા પર્યાવરણની જાણવણી થાય, વરસાદી પાણીનો સંગ્રહ થાય, બહારગામના મુલાકાતી માટે આધુનિક જમાના મુજબની નિવાસની સગવડોની વ્યવસ્થા મળે, ધાર્મિક, સામાજીક કે અન્ય પ્રસંગો જેવા કે લગ્ન પ્રસંગ, સેમિનાર ધાર્મિક પ્રવચન માટે તેમજ ધાર્મિક ક્રીયા માટે વિશાળ જગા મળી રહે. વૃક્ષોની વનરાજીમાં શાંતિ ચિત્તે બેઠેલા માનવીને પવિત્રતાની અનુભુતિ થાય તથા તે સાથે સાથે કેદારેશ્વર શિવાલયની જાણવણી ભારતીય સંસ્કૃતિ મુજબ જળવાય તેવા તમામ પાસાઓનો વિચાર કરી આ સ્થળના નવિનીકરણનો આરંભ થયો છે.

પ્રથમ તબક્કામાં આશરે ૭૦ ફુટ x ૩૦ ફુટનું બાંધકામ કેદારેશ્વર મહાદેવના પ્રવેશ દ્વાર બહાર પુરૂ થવામાં છે. તેમજ શિવાલયને મધ્યમાં રાખી તેની આસપાસ ૮૦૦૦ ચો. ફુટના મારબલ ફલોરીંગ સાથેના વિશાળ ચોકનું કામ દિવાળી સુધીમાં પુર્ણ થશે.

બીજા તબક્કામાં અદ્યતન સુવિધાઓ સાથે આધુનિક ૧૨ નિવાસસ્થાનો બનાવવાનો પ્લાન છે તેમજ લગ્ન પ્રસંગ માટે 'મેરેજ હોલ' જેવી વ્યવસ્થા કરવાનું વિચાર્યું છે. સીકયુરીટીની વ્યવસ્થા થાય તેનું આયોજન પણ વિચારાયું છે. જે માટે નાણાંકીય સહાયની જરૂર છે

તારીખ ૧૪.૩.૨૦૦૪ના રોજ કેદારેશ્વર મહાદેવના ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપકો, આમંત્રિતોની એક મિટીંગ મળી. જેમાં આધુનિક ફુલ-ફરનીશ

સગવડોવાળા જેવા કે ટોયલેટ, બાથરૂમ, રસોડુ, બેડ વિગેરે સાથેના ૩૧૦ ચો. ફુટના એક એવા ૧૨ નિવાસસ્થાનો બનાવવાના છે. જે માટે દરેક નિવાસ દીઠ રૂા. ૧,૨૫,૦૦૦/-નું (રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર) દાન મેળવવા નક્કી કરવામાં આવ્યું. દાન આપનાર દાતાનો ફોટો તથા નામની તકતી તે રૂમમાં મુકવામાં આવશે. તદ્ઉપરાંત રૂા. ૧,૨૫,૦૦૦/- દાન આપનાર દાતાને તેમની મરજી મુજબ દર વર્ષે ૩૦ દિવસ રહેવાની સુવિધા આપવામાં આવશે. ઉદાર દિલ દાતાઓને સહયોગ આપવા મારી નમ્ર અપીલ છે. બીજા તબક્કામાં સુંદર બગીચો, ફુવારો, બેસવાની સુંદર વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. ચોથા તબક્કામાં કેદારેશ્વર મહાદેવ પાછળની ખીણમાં પાણીનો સંગ્રહ થાય તે માટે આડબંધ બાંધવા તેમજ આ મહાદેવની સંપાદિત વિશાળ જમીનમાં આર્યુવેદિક ઔષધિઓની ખેતી થાય ત્યાં વૃક્ષારોપણ દ્વારા વનરાજીયુક્ત આ સથ્ળ બનાવવાનું ભગીરથ આયોજન વિચારાયું છે.

આ તમામ કાર્ય માટે ઉદાર દિલ દાતાઓ ઉદાર હાથે ફાળો આપે તો કેદારેશ્વર મહાદેવના વિકાસનું ભગીરથ કાર્ય ઝડપથી પુર્ણ થાય

દાન આપવા માટે તથા માહિતી માટે નીચે મુજબ સંપર્ક કરવા વિનંતી.

૧) શ્રી ગોપાલદાસ પુનમચંદ પરીખ (તાતીયા)
ફોન નં : (મુંબઈ) ૨૩૬૪૩૨૯૫/૨૩૬૭૨૮૮૫
(બાલાસિનોર) ૨૬૮૪૭૦

૨) શ્રી નવનીતલાલ મણીલાલ શાહ (ઝાટ)
ફોન નં. : (મુંબઈ) ૨૩૬૨૪૭૭૬
(બાલાસિનોર) ૨૬૬૭૯૮

***- ટ્રસ્ટી, કેદારેશ્વર મહાદેવ, બાલસિનોર***
***ગોપાલદાસ પુનમચંદ પરીખ (તાતીયા)***

# વાડાસિનોર પ્રગતિ સમાજ કૉ.ઑ. ક્રેડીટ સો. લિમીટેડ

ઉપરોક્ત સોસયટીની ૧૮મી વાર્ષિક સામાન્ય સભા તા. ૮.૬.૨૦૦૪ના મંગળવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે ગોકુલદાસ તેજપાલ ઓડીટોરીયમ, ગોવાલીયા ટેંક, મુંબઈ ખાતે રાખવામાં આવેલ છે.

સૌ સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

ક્રેડીટ સોસાયટીના સરકારી જરૂરિયાત તેમજ સરકારી ઓડીટરની રીમાર્ક મૂજબ ધિરાણ લેનાર વ્યક્તિઓને પોતાના રહેઠાણની ખાત્રી માટે ભાડા રસીદ અથવા રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ આપવાની રહેશે.

ઉપરોક્ત સોસયટીમાં નાણાનું ધીરાણ ગેરન્ટરની શાખ અને વિશ્વાસ પર આપવામાં આવે છે અને નાણા લેનાર હપ્તા કે નાણાં ભરવામાં નિષ્ફળ જાય તો તેની સંપૂર્ણ જવાબદારી ગેરન્ટી આપનાર વ્યક્તિ કે વ્યકિતઓની હોય છે. આથી ગેરન્ટરે ગેરન્ટી આપતા પહેલાં પોતની જવાબદારી સમજી ગેરન્ટી આપવી જોઈએ.

અમારા નિયમ મુજબ લોન લેનાર હપ્તો ભરવામાં નિષ્ફળ જાય તો પહેલું રીમાઈન્ડર લોન લેનારને મોકલવામાં આવે છે. બીજું રીમાઈન્ડર લોન લેનાર તેમજ ગેરન્ટરને મોકલવામાં આવે છે અને ત્રીજું આખીર રીમાઈન્ડર લેનાર અને ગેરન્ટી આપનારને નોટીસના સ્વરૂપમાં કુલ બાકી રહેતી મુળ રકમ તથા વ્યાજ સાથેની રકમ તુરંત ભરવા માટે વિગતો મોકલવામાં આવે છે.

હજૂ સુધી જુજ સભ્યોએ ગ્રીનકાર્ડ ભરીને આપવાના બાકી છે. તેમને તે સમયસર આપી જવા.

ગીફ્ટ/ડીવીડન્ડ જે લોકોએ ન લીધા હોય તેમને સમયસર મેળવી લેવા.

***રસીકલાલ આર. કડકીઆ, ચેરમેન***
***પ્રવીણભાઈ પી. કડકીઆ. રજનીકાન્ત કાં. કડકીઆ -મંત્રીઓ***

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

## નોટબુક રાહત યોજના

ગત વર્ષની મુજબ ચાલુ વર્ષે પણ આપ સૌની જરૂરિયાત ધ્યાનમાં રાખી બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ રાખવામાં આવેલ છે.

**કોલેજ (લોંગબુક) ૧૮૮ પેજ એક ડઝનના રૂા. ૮૦/-** **જમ્બો નોટબુક મોટી સાઈઝ ૧૮૮ પેજ રૂા. ૪૦/-**

આ વેચાણ તા. ૧૬.૫.૨૦૦૪ રવિવારથી તા. ૨૩.૫.૨૦૦૪ રવિવાર સુધી રાખવામાં આવેલ છે.

### શહેર વિભાગ

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૮૮/૧૨૦, અરદેશ દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪
: સમય : સોવારથી શનિવાર સાંજે ૭ થી ૮, રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦

### પરા વિભાગ :

**૧) શાહ હેમેન્દ્ર રમણલાલ (ચકવા)** : સી.-૩/૩૦૨, સુમેર નગર, એસ.વી. રોજ, બોરીવલી (વેસ્ટ)
સમય - રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦

**૨) પરીખ જશવંતલાલ મુળજીભાઈ** : ગોપાલભુવન, પહેલે માળે, એસ.વી. રોડ, કાંદીવલી (વેસ્ટ)

**૩) દેસાઈ હિમાંશુ હરીશભાઈ** : ૯/૧૨ ઘાસવાલા કમ્પાઉન્ડ, એમ.વી.રોડ, અંધેરી (ઈસ્ટ)
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦

**નોંધ** : ચાલુ વર્ષે આવેલી પરીક્ષાની પરીણામની નકલ સાથે લાવવી જરૂરી છે. વહેલો તે પહેલોના ધોરણે નોટબુક આપવામાં આવશે.

*મંત્રી : - પ્રદીપ કડકીઆ, સંયોજક : ગોપાલ કડકીઆ*

---

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)**

## નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપર્યુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૧.૫.૨૦૦૪ થી ૨૦.૫.૨૦૦૦૪ સુધી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગત સાથે આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાના ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમયાન મળશે તથા સંયોજકોની ઓફિસમાં મે. એલાઈડ ઈલેકટ્રીક કાં, ૨૯ બી, ભાંગવાડી, બીજે માળે, કાલબાદેવી રોડ, મુંબઈ -૪ ખાતે ઓફિસ સમય દરમ્યાન મળશે.

નોંધ : નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૨૩.૫.૨૦૦૪ના રવિવારે સંસ્થાની ઓફિસમાં કરવામાં આવશે. સમય : ૧૦ થી ૧ જુના અરજીપત્રકો તથા તેમની ઝેરોક્ષ કોપી સ્વીકારવામાં આવશે નહીં. નવા અરજીપત્રકો સ્વીકારવામાં આવશે. ચાલુ વર્ષે આપેલી પરીક્ષાના પરિણામની નકલ અરજીપત્રક સાથે આપવાની રહેશે

*મંત્રી : - પ્રદીપ કડકીઆ, સંયોજક : ગોપાલ કડકીઆ*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની કારોબારીની ૯મી બેઠક સંસ્થાના પ્રમુખ શ્રી આશીત ર. દેસાઈના પ્રમુખપદે તા. ૨૩.૨.૨૦૦૪ના સોમવારે સાંજે ૭.૦૦ કલાકે શ્રી મોહનલાલ સા. શાહ સભાગૃહ (સંસ્થાની ઓફીસ)માં મળી હતી.

ગત કાર્યવાહક સમિતિની કાર્યનોંધનું વાંચન સંસ્થાના સહમંત્રી શ્રી નીતીન પરીખે વાંચી સંભળાવ્યું હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. આનંદબજાર તથા બાહ્ય રમતગમત સમિતિનો હિસાબ તથા અહેવાલ પસાર કરવામાં આવ્યો હતો. પ્રમુખસ્થાનેથી સભામાં આજીવન સભ્ય માટેની એક અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી. આ સાથે આજીવન સભ્યની સંખ્યા ૨૮૪૧ ની થઈ છે. ગેરહાજર રહેલ સભ્યના પત્રની નોંધ લઈ તેઓની લીવ પૂરવામાં આવી હતી. પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરેલ જાહેર કરી હતી.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની કારોબારીની ૧૦મી બેઠક સંસ્થા પ્રમુખશ્રી આશિત ર. દેસાઈના પ્રમુખપદે તા. ૧૨.૩.૨૦૦૪ના શુક્રવારે સાંજે ૭.૦૦ કલાકે શ્રી મોહનલાલ સા. શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફિસ)માં મળી હતી.

ગત કાર્યવાહક સમિતિની કાર્યનોંધનું વાંચન સંસ્થાના સહમમંત્રી શ્રી નીતીન પરીખે વાંચી સભળાવ્યું હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

ક્રિકેટ સમિતિ, સ્વાસ્થય તથા હોસ્પીટલ સહાય સમિતિ તથા ઉપનગર સમિતિનો અહેવાલ તથા હિસાબ પસાર કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૪-૨૦૦૫નું અંદાજીત બજેટ ખજાનચી શ્રી હરેન્દ્ર મોદીએ રજુ કર્યું હતું તે પસાર કરવામાં આવ્યું હતું. વાર્ષિક સામાન્ય સભા, વન ડે મીટીંગ, ફોર્મ મંગાવવાની તારીખ, પાછી ખેંચવાની તારીખ નક્કી કરવામાં આવી હતી.

ચૂંટણી પંચના અધ્યક્ષ તરીકે શ્રી યોગેશભાઈ ર. ધારીઆની નીમણુંક કરવામાં આવી હતી. ચાલુ વર્ષમાં જાવક કરવા આવક વધુ હોય તો તે અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

નોટબુક સમિતિના સંયોજકે નોટબુક વિતરણની તારીખોની જાણ કરી હતી.

ગેરહાજર રહેલ સભ્યના પત્રની નોંધ લઈ તેઓની લીવ પૂરવામાં આવી હતી. પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરેલ જાહેર કરી હતી.

❖ ❖ ❖

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) ગજેન્દ્ર મ. મોદી (મો. ૯૮૯૨૦૧૫૨૩૦)
અતુલ ગજેન્દ્ર મોદી (મો. ૯૮૨૦૧૩૪૬૮૫)
૨૦૪, વાસ્તુ શીલ્પ, ગામડીયા રોડ,
તારદેવ, મુંબઈ - ૪૦૦૦૩૪
ફોન (ઘર) ૨૪૯૮૦૧૪૫
(ઓ) ૨૩૦૧૮૮૮૭, ૨૩૦૧૯૧૫૩
(ફેક્સ) ૨૩૦૧૮૮૭૬

૨) બંકિમ રજનીકાન્ત રમણલાલ પરીખ (જૂનાગઢવાળા)
બી, ૨૦૨, પંચમ બિલડીંગ નં.-૧ કો.ઓ.હા.સો.લિ.
હેમુ કલાની ક્રોસ રોડ નંબર-૨, ઈરાની વાડી,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭
ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

૩) દીલીપ એન. ધારીઆ
૪૨૩, ૪ થે માળે, વ્રજેશ એપાર્ટમેન્ટ,
ભાદ્રન નગર રોડ નં.-૨, ખજુરીયા ટેન્ક રોડ,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૪
ફોન : ૨૮૦૫૨૨૧૨

૪) પરીખ રક્ષા મૌલેશકુમાર
શ્રી કૃષ્ણા બિલડીંગ, એ વીંગ, ૬ ઠ્ઠે માળે,
ફ્લેટ નં.-૬૦૧, કમલા વિહાર સ્પોર્ટસ કલબ લેન,
પોઈસર જીમખાના (બોરસાપાડા) રોડ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭
ફોન : ૨૮૬૧૩૪૩૪

૫) ભરત મોહનલાલ ત્રિવેદી
૫૦૪, ૫ મેમાળે, સુમીત એપાર્ટમેન્ટ,
સીમ્પોલી, ચીકુ વાડી, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૯૨ ફોન : ૨૮૩૩૭૭૧૪

૬) નીતીન દીનકરલાલ શાહ
બી-૩૮, તુલસી ટાઉન શીપ, વડતાલ,
બાકરોલ રોડ, બાકરોલ - ૩૮૮૩૧૫
ફોન : ૨૩૪૭૦૩ (ઘર), ૨૩૪૫૩૪ (ઓ)
(ફેક્સ) ૨૩૬૪૨૬

૭) દીપેન કે.દેસાઈ
કીરીટ ઓ. દેસાઈ
એ-૦૩, લીજ્જત ગોદાવરી સોસાયટી,
ગ્રાઉન્ડ ફ્લોર, વિનાયક નર્સીંગ હોમની પાસે,
એમ.જી. રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ -૬૭
ફોન : ૨૮૦૨૦૩૨૧
Email : desai_dk@rediffmail.com

૮) હર્ષદ ચીમનલાલ પરીખ
પૂર્ણિમા હર્ષદ પરીખ
ફ્લેટ નં. -૭, બીજે માળે,
નીલકંઠ દીપ કો.ઓપ. હા.સો.લી
હંસોટી લેનની સામે, કિરોલ ક્રોસ રોડ,
કામા લેન, ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૮૬
ફોન : ૨૫૧૩૨૫૮૨


૯) વિરેન્દ્ર મણીલાલ કડકીઆ (લટકારી)
દીપેન વિ. કડકીયા (૯૮૨૧૨૫૩૩૨૫)
ચીરાગ વિ. કડકીયા (૩૨૬૦૦૨૫૦)
કે.વી. એન્ટરપ્રાઈઝ
દીપ્સી ટ્રેડર્સ
સી. ડી કુલ
જય મહેલ એસ્ટેટ
૨૦/૪૮, લોહાર ચાલ, રૂમ નંબર - ૫
૩ જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : ૨૨૦૭૬૧૭૩,
ફેક્સ : ૨૨૦૮૭૬૬૦ (ઘર) ૨૩૮૮૮૩૨૪

૧૦) મંગળદાસ મુળજીભાઈ મોદી (શહેરાવાળા)
સીલ્વર ગોલ્ડ એપાર્ટમેન્ટ
ફલેટ નંબર - ૧૦, બીજે માળે, મંડપેશ્વર રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨
ફોન : ૨૮૦૬૮૬૨૮


૧૧) હસમુખ નટવરલાલ દેસાઈ (દેડકી)
સી-૩, પ્લોટ નંબર - ૨૮,
પનહાલ ગઢ, ગણેશ નગર, મ્હાડા,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭
ફોન : ૨૮૬૮૨૨૧૮

૧૨) રક્ષિકા મુકેશકુમાર શાહ (સેવક)
સાઈ સહારા એપાર્ટમેન્ટ, ફલેટ નં.-૧૦૬
કંચન સંકુલની સામે,
વિરાર રોડ, નાલા સોપારા (ઈસ્ટ),
જીલ્લા - થાણા - ૪૦૧૨૦૩

૧૩) ઈન્દ્રકુમાર હીરાલાલ ત્રિવેદી
રાજીવ ત્રિવેદી
સેકટર - ૫, ડી.એન. ૪-૯,
લીટલ ફલાવર, વાશી - ૪૦૦ ૭૦૩



## નવા ફોન નંબર



૧) શરીશ જગમોહનદાસ પરીખ (ચાગરમ)
૫૬૦૬૯૮૦૬

૨) પરીખ શોભનાબેન કીરીટકુમાર (ભગત)
૨૮૦૫૮૨૪૫

## બાલાસિનોરનું ગોરવ

**પરીખ કોચ બિલ્ડર્સને લીમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન**

**શ્રેયાંસ હીરાલાલ પરીખ** (ડાબલી) દ્વારા બનાવાયેલી લીમોસીન જેવી સ્ટ્રેચ કાર જે એમ્બેસેડર કારમાંથી કનવર્ટ કરવામાં આવેલી હતી. તેને ભારતની સૌ પ્રથમ "4 Seater, Hardtop Motorised Convertible Car" તરીકે લીમકા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન મળ્યું છે. પરીખ કોચ બીલ્ડર્સની સ્થાપના શ્રેયાંસભાઈએ અમેરીકાથી આવીને ૧૯૯૭માં કરી હતી. તેઓના આ નવીન સાહસ AMBILIMO ને તો સૌ બાલાસિનોરવાસીઓ જાણે જ છે પરંતુ લીમકા બુકમાં તેઓને સ્થાન મળવાથી સૌ બાલાસિનોરવાસીઓ ગૌરવ અનુભવે છે. શ્રેયાંસભાઈને સંસ્થા વતી ખુબ ખુબ અભિનંદન.

## લગ્ન પ્રસંગે મળેલા ન્યાસફંડ

| | |
|---|---|
| શ્રી વિજયકુમાર નવનીતલાલ મહેતા | રૂા. ૨૧,૦૦૦ |
| શ્રી જગમોહનદાસ મણીલાલ મહેતા તથા નિરબાળા જગમોહનદાસ મહેતા | રૂા. ૧૧,૦૦૦ |

## મૃત્યુ નોંધ

| | | ઉ.વર્ષ |
|---|---|---|
| ૧. | ગં.સ્વ. પુષ્પાબેન નટવરલાલ દેસાઈ | ૮૧ |
| ૨. | જ્યોતિ અશોકકુમાર દોશી | ૫૬ |
| ૩. | નટવરલાલ ઓચ્છવલાલ પરીખ (જાડા) | ૮૨ |
| ૪. | બીપીનચંદ્ર મોહનલાલ ઝવેરી | ૬૭ |
| ૫. | અ.સૌ. ચંદ્રિકા શશીકાન્ત ગાંધી | ૬૮ |
| ૬. | શાંતિલાલ સાકરલાલ ધારીઆ (દલાલ) | ૭૪ |

પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે.

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માટે કાર્યવાહક સમિતિની ૭ બેઠકોની તથા પ્રમુખશ્રીની ખાલી પડતી બેઠકોની ચૂંટણી અંગે

વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માટે કાર્યવાહક સમિતિના સભ્યોની ૭ બેઠકો તથા પ્રમુખશ્રી માટે ઉમેદવારી પત્રકો મેળવવાની તા. ૨૦.૫.૨૦૦૪ ગુરૂવાર અને સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦.૫.૨૦૦૪ના રવિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાક સુધી સંસ્થાની ઓફિસે તથા ઉમેદવારી પત્રકો પાછા ખેચંવાની તારીખ ૨.૬.૨૦૦૪ના બુધવાર સાંજે ૮ કલાક સુધી સંસ્થાની ઓફીસે.

ચૂંટણીની જરૂર પડતાં ચૂંટણી વાર્ષિક સામાન્ય સભાના દિવસે રાખવામાં આવશે.

**ખાલી પડતી બેઠકો નીચે મુજબ છે**

## શહેર વિભાગ

**૧) ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆ**
**૨) કીર્તી હીરાલાલ કડકીઆ**
**૩) શૈલેશ નટવરલાલ કડકીઆ**
**૪) રૂપીન પુનમચંદ કડકીઆ**

## ઉપનગર વિભાગ

**૧) કલ્પેશ કીર્તનલાલ ધારીઆ**
**૨) ગોપાલ રમણલાલ કડકીઆ**
**૩) નીતીન રસિકલાલ ગાંધી**

## પ્રમુખશ્રી

**અસીત રમેશચંદ્ર દેસાઈ**

**નોંધ :** દરેક ઉમેદવારે લેખિત અરજી કરીને પોતાનું ઉમેદવારી પત્રક સંસ્થાની ઓફિસમાંથી મંગવવાનું રહેશે. દરેક ઉમેદવારે પોતાના ફોર્મ પોતે જ ભરવાના રહેશે. ઉમેદવાર સંસ્થાનો સભ્ય હોવો જોઈએ તથા એના સમર્થનમાં બે અન્ય સભ્યોની સહી આવશ્યક રહેશે.

*મંત્રી – પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆ*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ૫૪મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

ભાઈશ્રી, બહેનશ્રી

આથી ઉપર્યુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૭.૬.૨૦૦૪ સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈના પ્રમુખસ્થાને પ્રગતિ સમાજની ઓફિસ ખાતે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલતવી રહેલી આ સભા એજ તારીખે અને એ જ સ્થળે અડધો કલાક બાદ ફરીથી મળશે.

## સભાનું કામકાજ

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા

૨) શૈક્ષણિક પારિતોષકોનું વિતરણ

૩) વર્ષ ૨૦૦૩-૨૦૦૪ની કાર્યવાહક સમતિનિા અહેવાલને બહાલી આપવી

૪) વર્ષ ૨૦૦૩-૨૦૦૪ના પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી

૫) વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માટે અન્વેષકની નિમણૂંક તેમજ તેમનું માનદ મહેનતાણું નક્કી કરવા.

૬) બંધારણ પરના સુધારા વધારા આવેલા હોય તો તે પર વિચારણા કરી તેને પસાર કરવા.

૭) ઠરાવો આવેલા હોય તો તેના પર વિચાર કરી તેને બહાલી આપવા.

૮) ચૂંટણીના પરિણામ જાહેર કરવા

૯) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે

૧૦) પ્રમુખશ્રીનું ભાષણ

**નોંધ :-** બંધારણ ઉપરના સુધારા વધારા જે સભ્યોને મોકલવા હોય તો તે તેઓએ લેખીતમાં મંત્રી શ્રી પ્રદીપ કડકીઆને તા. ૩૧.૫.૨૦૦૪ પહેલા પહોંચાડવા વિનંતી.

## .શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આ વર્ષે વિવિધ સમિતિઓમાં કામ કરવા ઈચ્છતા કાર્યકર્તાઓને વિનંતી કે તેઓ પોતાના નામ વહેલી તકે સંસ્થાના મંત્રી પ્રદીપ પ્રવીણચંદ્ર કડકિયાને પહોંચાડી દે જેથી તેના પર વિચાર કરી અમલમાં મુકવા સરળતા પડે.

*મંત્રી - પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆ*